મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ૧૦મા કન્યા કેળવણી શાળાપ્રવેશ મહોત્સવનો પ્રારંભ

મઉટાંડામાં વણઝારા કોમની બક્ષીપંચ વસતિ નરેન્દ્રભાઈ મોદીના આગમનથી ઉમંગ-હિલ્લોળે

હિંમતનગર, તા. ૧૪

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતત દશમા વર્ષે, કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના જનઅભિયાનનું નેતૃત્વ કરતાં, પ્રત્યેક સરકારી પ્રાથમિક શાળાને એ-ગ્રેડની ઉત્તમ શાળા બનાવવા ગામ સમસ્ત સંકલ્પ કરે એવું પ્રેરક આહ્વાન કર્યું હતું. તાલુકાવાર ઉત્તમ પ્રાથમિક શાળાની સ્પર્ધા યોજવા તેમણે અપીલ કરી હતી.

ગુજરાતના ૧૮૦૦૦ જેટલા બધા જ ગામોની ૩૨૭૭૨ પ્રાથમિક શાળાઓમાં આજથી ત્રણ દિવસના શાળા પ્રવેશ મહોત્સવનો ઉમંગ-ઉત્સાહના અનેરા વાતાવરણમાં પ્રારંભ થયો હતો. મુખ્યમંત્રીશ્રીએ આજે પ્રથમ દિવસે સાબરકાંઠાના વનવાસી ક્ષેત્ર ભીલોડા અને વિજયનગર તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં તથા આંગણવાડીમાં જઈને કન્યા-કુમારો અને ભૂલકાંઓનું નામાંકન કરાવ્યું હતું અને શૈક્ષણિક સાધનોની કીટ, પુસ્તકો, ભેટ મળેલા રમકડાંનું વિતરણ કર્યું હતું.

સમાજશક્તિ અને સરકારની સહિયારી તપસ્યાનો આ દશ વર્ષનો પરિશ્રમ ગુજરાતને નિરક્ષરતાના કલંકમાંથી મૂકત રાખશે અને કુપોષણ સામેની લડાઈમાં જંગ જીતશે જ એવો દ્રઢ વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

ભીલોડા તાલુકાના મઉટાંડા ગામની આખી વસતિ બક્ષીપંચની વણઝારા કોમની છે તે ગામમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમનથી વણઝારા પરિવારો આનંદથી હિલોળે ચડયા હતા મુખ્યમંત્રીશ્રીએ શાળાના નવા વર્ગખંડનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મુસ્લિમ પરિવારો તરફથી આ શાળામાં સરસ્વતી માતાની મૂર્તિ ભેટ મળેલી છે. વાલીમંડળની બેઠકો સાથે પણ મુખ્યમંત્રીશ્રીએ સંવાદ કરીને બાળકના ભવિષ્ય માટે શાળાની નિરંતર મૂલાકાત લેવા પ્રેરક અપીલ કરી હતી. શાળાને એ-ગ્રેડની ઉત્તમ શાળા બનાવવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું. વિજયનગર તાલુકાના દાંતોડ ગામના બક્ષીપંચના કુટુંબોની ઉત્સાહ-ઉપસ્થિતિમાં બાળકોનું તેમણે નામાંકન કરાવ્યું-ફળ-મીઠાઈ વહેંચ્યા હતા-તેજસ્વી કન્યાઓનું સન્માન કર્યું અને ધો-૭ પાસ કરેલી કન્યાઓને મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાંથી વિદ્યાલક્ષ્મી બોન્ડના રૂા. ૨૦૦૦ના વ્યાજ સાથે ચેક તેમણે કન્યાને અર્પણ કર્યા હતા.

(તસવીર : મગનજી વણઝારા)

૬૦ વર્ષમાં પેઢીઓ-અને મહિલાઓ નિરક્ષર રહી ગઈ-એ શરમ અને લાચારી આજની દિકરીના નશીબમાં આવે એ આ સરકારને મંજૂર નથી એમ જણાવી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોઈ પરિવારમાં દિકરી અભણ રઝાનો બોજ વેઠવા વારો ના આવે તેવી હૃદયસ્પર્શી અપીલ કરી હતી. ''આપણાં દીકરો-દીકરી એક સમાન-અને આપણાં સંતાન અભણ રહેશે તો તેનું પાપ લાગશે. ભૂતકાળની સરકારોએ પાપ કર્યું એનું કલંક આપણે સહન કરી રઝા છીએ એમ પણ તેમણે ઉમેર્યું હતું.''

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની આવતીકાલ માટે વર્તમાન સરકાર કેટલી ચિંતીત અને સંવેદનશીલ છે તેની પ્રેરક ભૂમિકા આપી હતી તેમણે જણાવ્યું કે ચૂંટણીના આ વર્ષમાં રાજકીય વાદ-વિવાદમાં સમય વેડફવાને બદલે આ સરકારે મતદારો નથી એવા બાળકોનું શિક્ષણ સુધારવા આખી સરકારની પૂરી તાકાત કામે લગાડી છે, કૃષિ મહોત્સવમાં બે કરોડ પશુઓના આરોગ્યની સંભાળ પણ આ જ સરકારે લીધી છે.

મુખ્યમંત્રીશ્રીએ દશ વર્ષ પહેલાં પ્રાથમિક શિક્ષણની દુર્દશા અને દશ વર્ષ દરમિયાન જહેમત કરીને પ્રાથમિક શાળાઓની ઉત્તમ સુવિધાની તુલનાત્મક રૂપરેખા આપી જણાવ્યું કે સમાજની જવાબદારી છે કે બાળકને શિક્ષણથી વંચિત રાખીને શરમિંદુ અને લાચાર ન બનાવે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભિલોડા અને વિજયનગરના આદિવાસી ક્ષેત્રમાં વર્ષો સુધીના અગાઉના સેવારત પરિભ્રમણના યાદગાર સંસ્મરણોથી સમગ્ર જનતા ખૂબ જ પ્રભાવિત થઈ હતી. વિજયનગર તાલુકાના પાલચિતરીયાના આદિવાસી શહિદ સ્મારકની મૂલાકાતે જઈને મુખ્યમંત્રીશ્રીએ શહિદોને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

માણસા-વિજાપુરમાં બે ઈંચથી વધુ વરસાદ

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં ચોમાસાનો પ્રારંભ થઈ ગયો છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિત ૫૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે.

રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૧૪-૬-૨૦૧૨ના રોજ સવારે ૭-૦૦ કલાકે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલામાં ૯૦ મી.મી., રાજકોટ જિલ્લાના વાંકાનેરમાં ૭૫ મી.મી. અને ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના વિજાપુરમાં ૭૮ મી.મી. એટલે કે ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

આ ઉપરાંત બનાસકાંઠા જિલ્લાના દાંતામાં ૫૫ મી.મી., ગાંધીનગર જિલ્લાના માણસામાં ૫૧ મી.મી. અને રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ૫૦ મી.મી. એટલે કે બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

રાજયના પાટણ, દાંતીવાડા, ડીસા, કાંકરેજ, પાલનપુર, વડગામ, વડનગર,ધંધુકા, કપડવંજ, માતર, સાવલી, વડોદરા, હાલોલ, દાહોદ, દેવગઢબારીયા, ગરબાડા, જામકડોરણા, ઉપલેટા, જૂનાગઢ, મેંદરડા મળી કુલ ૨૦ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે સિદ્ધપુર, દીયોદર, ધાનેરા, ખેરાલું, મહેસાણા, સતલાસણા, ઝા, વીસનગર, હિંમતનગર, બાવળા, રાણપુર, કાલોલ, ધાંગધ્રા, ગોંડલ, જસદણ, કોટડાસાંગાણી, લોધીકા, રાજકોટ, કાલાવડ, ભેંસાણ, તલાળા, વંથલી, વેરાવળ, વીસાવદર, નાંદોદ, વાલોડ, બારડોલી, ધરમપુર અને ડાંગ મળી કુલ ૨૯ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

પાલનપુર સ્વસ્તિક હાઈસ્કૂલમાં આગ

પાલનપુર - આબુ હાઈવે પર આવેલ સ્વસ્તિક હાઈસ્કૂલમાં આજે મલ્ટીમીડીયા રૂમમાં એકાએક આગ લાગતાં ભારે અફડા-તફડી મચી જવા પામી હતી.

આ ઘટના અંગે પ્રાપ્ત વિગતોનુસાર સ્વસ્તિક શાળામાં વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટરાઈઝ જ્ઞાન માટે એક વર્ગખંડમાં મલ્ટીમિડિયા હોલ બનાવેલ તેમાં લાઈટીંગનું કામ ચાલુ હતું તે દરમિયાન અચાનક જ શોર્ટ સર્કિટ થતાં વિજલાઈનમાં આગ લાગી જતાં ભારે દોડધામ મચી જવા પામી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પ્રાંતિજમાં તોફાની વાવાઝોડાથી ભારે નુકશાન

એક પશુનું વીજ કરંટથી મૃત્યુ, એક વ્યક્તિનો હાથ કપાયો

પ્રાંતિજ, તા. ૧૪

પ્રાંતિજ તાલુકાના અનેક વિસ્તારોમાં ગતરોજ સાંજના સમય બાદ અચાનક આવેલા તોફાની વાવાઝોડા સાથે એક ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો જેથી થોડીજ વારમાં તાલુકાનું જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. તથા ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં દિવસ દરમિયાન અસહ્ય ગરમી બાદ સાંજના પાંચ વાગ્યા પછી અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વાવાઝોડુ આવતા ભારે દોડધામ મચી ગઈ હતી. કુલ ઝડપે પવન ફૂકાતા લોકોના ઘરના છાપરા, વીજ થાંભલા અને વૃક્ષો ઢળી પડ્યા હતા. વીજ થાંભલા પડવાથી વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને એક પશુનું કરંટ લાગવાથી મોત પણ નિપજ્યું હતું. તો ટેંકર પલટી ખાતા એક વ્યક્તિનો હાથ કપાઈ ગયો હતો. ઉપરાંત જાહેરમાર્ગો પર ઠેર ઠેર વૃક્ષો પડ્યા હતા જેથી વાહનવ્યવહાર પણ ઠપ થઈ ગયો હતો. થોડીવાર માટે આવેલા આ વાવાઝોડાથી તાલુકાના ઝાંઝવા, પલ્લાચર, પોંગલુ સહિતના અનેક ગામમાં ભારે નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે અને સ્થાનિકો આખી રાત લાઈટ વગર ઘરમાં પુરાઈ રહ્યા છે.

પાલચિતરીયાના આદિવાસી શહિદ સ્મારકે જઈ નરેન્દ્રભાઈ મોદીએ ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ઉત્તર ગુજરાતના

સાબરકાંઠામાં પાલચિતરીયાના આદિવાસી શહિદ સ્મારક સ્થાને જઈને શહિદ વનવાસીઓને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

આદિવાસીઓના આ શહિદ સ્મારકનું ૨૨મી જૂન-૨૦૦૩ના રોજ લોકાર્પણ પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું. બ્રિટીશ સલ્તનત સામે પાલચિતરીયાના આ શહિદ ૧૨૦૦ વનવાસીઓએ પોતાના હક્ક અને માતૃભૂમિની આઝાદી કાજે સશસ્ત્ર સંગ્રામ ખેલ્યો હતો અને તા. ૭મી માર્ચ ૧૯૨૨ના રોજ બ્રિટીશ સેનાના હત્યાકાંડમાં ૧૨૦૦ વનવાસીઓ શહિદ થયા હતા. જેની સ્મૃતિને ચિરંજીવ રાખવા શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક પહેલથી આ શહિદ સ્મારક રચવામાં આવેલું છે.

ખેડબ્રહ્માનો વકીલ ખોટુ સોગંદનામુ રજૂ કરી ચૂંટણી જીત્યાનો આરોપ

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા પાલિકાની ૨૦૦૮માં યોજાયેલી સદસ્યોની ચૂંટણીમાં વ્યવસાયે વકીલ એવા ભાજપના એક સદસ્યે ચૂંટણી પંચ સમક્ષ વ્યવસાયવેરા અંગે ખોટુ સોગંદનામુ કરી ચૂંટણીમાં ઉભા રહી જીત્યા હોવાની આર.ટી.આઈ. હેઠળ માગેલી માહિતીમાં હકીકત બહાર આવવા પામી છે. જેથી ખેડબ્રહ્મા શહેરમાં આ ચર્ચાએ હાલ ભારે જોર પકડ્યું છે.

ખેડબ્રહ્મા પાલિકાની ૨૦૦૮માં યોજાયેલ સદસ્યોની ચૂંટણીમાં નવ વોર્ડની ૨૯ બેઠકો પૈકી ૧૮ ભાજપના અને ૯ કોંગ્રેસના સદસ્યો ચૂંટાઈ આવ્યા હતા. જેમાં વોર્ડ નંબર-૨માં જીજ્ઞેશકુમાર ચંદુલાલ ભાવસાર ભાજપના સત્તાવાર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી ચૂંટાઈ આવ્યા હતા. જીજ્ઞેશ ભાવસાર વ્યવસાયે વકીલ છે અને તેઓ વકીલાતની સનદ પણ ધરાવે છે. તથા ઓક્ટોબર ૨૦૦૪ થી વકીલાત પણ શરૂ કરી છે. વ્યવસાય કરનાર દરેકે પાલિકામાં ધંધાનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે અને વ્યવસાયવેરો અધિનિયમ હેઠળ વાર્ષિક રૂ. ૨૫૦૦ વ્યવસાય વેરો ભરવો પડે છે અને રજીસ્ટ્રેશન દર વર્ષે રીન્યુ પણ કરાવવું ફરજીયાત છે. ત્યારે આર.ટી.આઈ. હેઠળ માગવામાં આવેલી માહિતી અનુસાર જીજ્ઞેશ ભાવસારે માર્ચ-૧૨ સુધી વ્યવસાય વેરાનો એક પણ પૈસો પણ પાલિકામાં ભર્યો નથી અને છેલ્લા આઠ વર્ષની હજારોની રકમ ભરવાની બાકી થાય છે. વ્યવસાયે વકીલ જીજ્ઞેશ ભાવસારે ખોટુ સોગંદનામુ કરી નો ડ્યુ સર્ટીફિકેટ મેળવી ચૂંટણી પંચ સમક્ષ ખોટી માહિતી રજૂ કરી સદસ્યની ચૂંટણી લડી વિજેતા થયા છે. આ ચોંકાવનારી હકીકત બહાર આવતા શહેર ભરમાં આ ચર્ચાએ જોર પકડ્યું છે. આ અંગે ખેડબ્રહ્મા પાલિકાના ચીફ ઓફિસર દર્શનસિંહ ચાવડાએ જણાવ્યું હતુંકે જીજ્ઞેશ ભાવસારે ખોટા દસ્તાવેજો ઉભા કર્યા છે. જે બદલ તેમને નોટીસ આપી કાર્યવાહી કરવામાં આવશે તથા ચૂંટણી પંચને આગળની કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવશે.

સાબરકાંઠા પંચાયત, મા.મ. વિભાગ, હિંમતનગર

જાહેર નિવિદા નં. ૫ / ૨૦૧૨-૨૦૧૩

કાર્યપાલક ઈજનેરશ્રી, સા.કાં. પંચાયત મા.મ. વિભાગ હિંમતનગર (ફોન નં. ૦૨૭૭૨ ૨૪૧૮૭૩) દ્વારા કુદરતી આફતો, આઈસીડીએસ, ૨૪૦૩, પશુપાલન ઓડબલ્યુઆર તથા ગુજરાત પેટર્નના કામો જેની અંદાજીત કિંમત રૂ. ૨૫૦.૦૦ લાખથી ૫.૦૩ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માગવામાં આવે છે. જે વેબસલાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૩૦-૬-૨૦૧૨થી જોઈ શકાશે તથા તા. ૭-૭-૨૦૧૨ (અ.નં.૧ થી ૮) તથા તા. ૨૩-૬-૨૦૧૨ થી ૩૦-૬-૨૦૧૨ (અ.નં. ૯થી ૧૫) સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

કાર્યપાલક ઈજનેર

કમાંક નામાનિ/હિંમત/૧૮૧/૨૦૧૨/સુધારો સા.કાં. પંચાયત મા.મ. વિભાગ

જાહેર નિવિદા

પુનઃપ્રાપ્ય ઊર્જા અને ઊર્જા સંરક્ષણના પ્રચાર-પ્રસાર ક્ષેત્રે પ્રવૃત્ત રાજ્યની નોડલ એજન્સી-ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા)ને ગાંધીનગરમાં પોતાનું ગ્રંથલાય માટે ૧૫૦૦ થી ૩૦૦૦ ચો.ફૂટ જગ્યા ભાડા પેટે જોઈએ છે. ગ્રાઉન્ડ ફ્લોરને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી

યોગે માળ, બ્લોક નં. ૧૧ અને ૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૪, ફેક્સ : ૦૭૯-૨૩૨૫૭૨૫૫

વેબસાઈટ : www.geda.org.in માહિતી/૫૬૫/૧૨-૧૩

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧